ગાંધીનગર સમાચાર

પોલીસ સ્ટેશન નજીકથી અપહરણ થયુ ને ચિલોડા પોલીસને ખબર પણ ના પડી..!

# ગુજરાત વિધાનસભા હાઈટેક બનશે

## ૧૪મી વિધાનસભા પેપરલેસ બનાવવા માટેનો પ્રોજેક્ટ છે : દરખાસ્ત ભારત સરકારને મોકલવામાં આવી છે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત વિધાનસભા હવે હાઈટેક બનશે. વિધાનસભાને પેપરલેસ બનાવવાનો પ્રોજેક્ટ વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકી વિભાગે વિધાનસભા સચિવાલય સાથે મળીને તૈયાર કર્યો છે. આ પ્રોજેક્ટમાં આર્થિક મદદ માટેની દરખાસ્ત પણ ભારત સરકારને મોકલી આપવામાં આવી છે.

૨૦૧૭માં વિધાનસભાની મુદત પૂર્ણ થઈ રહી છે અને ૧૪મી વિધાનસભા હાઈટેક હશે તે કલ્પના નહિ પણ વાસ્તવિક હકીકત હશે.

વિધાનસભાના નવીનીકરણ માટેના કામોના ગઈકાલે થયેલા પ્રારંભમાં સ્વાગત પ્રવચન દરમ્યાન વિધાનસભા સચિવ ડી.એમ. પટેલે આ વાત કરી હતી.

આજે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં પટેલે જણાવ્યુ હતુ કે આ માટેનો પ્રોજેક્ટ તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. ભારત સરકાર કેટલી સહાય મંજૂર કરે છે તેના પર બધી બાબત અવલંબિત છે. તેમણે જણાવ્યુ હતુ કે પેપરલેસ સચિવાલય પછી પેપરલેસ વિધાનસભાનો આ પ્રોજેક્ટ લેવાયો છે. તેમણે જણાવ્યુ કે ભારત સરકારને મોકલવામાં આવેલ પ્રોજેક્ટ પર સાનુકૂળ પ્રતિસાદ મળશે તેવો તેમને વિશ્વાસ છે.

શ્રી પટેલે જણાવ્યુ હતુ કે વિધાનસભા ગૃહ ચાલુ હોય ત્યારે તેમાં રજુ થતી પ્રશ્નોત્તરી તેજ દિવસે ઓનલાઈન કરવાની તેમજ વિધાનસભામાં રજુ થતા અહેવાલો, પેપર્સ પણ તે જ દિવસે ઓનલાઈન કરવાની બાબતનો પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

વિધાનસભાના નવીનીકરણની સાથે સાથે કર્મચારીઓની કૌશલ્યતા અને આઉટપુટમાં પણ વધારો જોવા મળશે.

તેમણે જણાવ્યુ હતુ કે હાલ ગૃહના ચોથા મજલે ત્રણ સમિતિ ખંડ છે તેના બદલે પાંચ સમિતિ ખંડ બનાવવામાં આવશે. જેથી એક સાથે પાંચ સમિતિઓની બેઠક મળી શકે. હાલ એક સાથે ત્રણ સમિતિઓની બેઠક સામાન્યઃ મળતી હોય છે.

તેમણે જણાવ્યુ હતુ કે વિધાનસભા ગ્રંથાલય પણ એક અનોખુ ગ્રંથાલય બનશે જેમાં બેસીને વાંચી શકાય તેવી સુવિધા ઉભી કરાશે. તેમણે જણાવ્યુ હતુ કે વિધાનસભાને હાઈટેક બનાવવા માટે થોડોક સમય લાગશે પણ અશક્ય નથી. આર્થિક ભારણ મોટુ હોવાથી ભારત સરકાર પાસે આર્થિક સહાય માંગવામાં આવી છે.

ભારત સરકાર જ્યારે અન્ય રાજ્યોના નાણાં મંજૂર કરશે ત્યારે ગુજરાત વિધાનસભાને પેપરલેસ બનાવવાના પ્રોજેક્ટ માટે પણ નાણાં મંજૂર કરશે જ. રાજ્ય સરકાર પણ આ માટે પ્રયત્નશીલ છે.



પ્લાસ્ટીક મુક્ત ગાંધીનગર - શહેરમાંથી પ્લાસ્ટીકનો કચરો હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલે છે... ગંદકી અને દબાણની સાથોસાથ ખૂણે ખાંચરે ઢગલો થઈ પડેલ પ્લાસ્ટીકના કચરાને હટાવવાની કામગીરી માટે અસંખ્ય કામદારો રાત-દિવસ કામ કરી રહ્યા છે... શહેરના ૯૫ ટકા શિક્ષિત નાગરિકો પણ વ્યાપક પ્રમાણ પ્લાસ્ટીકની કોથળીઓ વાપરે છે અને ગમે ત્યાં નાખે છે તેની સામે પણ જાગૃતિ લાવવાની આવશ્યકતા છે...


**બેસણું**



મારા ધર્મપત્ની શ્રીમતી **હંસાબેન** નું તા.૧૧-૧૨-૨૦૧૬ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના. **સદ્‌ગતનું બેસણું તા. ૧૮-૧૨-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ દરમ્યાન** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :- રવિદીપ, ૧૯૭, આનંદવાટિકા સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર**

ડો.પંકજ આર. પટેલ (ડીન. NHL મેડીકલ કોલેજ)
દિપક આર. પટેલ (પૂર્વ પ્રમુખ, લાયન્સ કલબ)
વિપુલ આર. પટેલ (ડીરેક્ટર, ગાંધીનગર નાગરિક બેંક)

લિ. રમેશભાઈ ડાહ્યાભાઈ પટેલ (નિવૃત ખાસ સચિવ-માર્ગ&મકાન વિભાગ)
નટુભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઓડ-આણંદ)
ગિરીશભાઈ મણીભાઈ પટેલ (ઓડ-આણંદ)



GSEG

**GUJARAT STATE ENERGY GENERATION LIMITED**

Following Gujarat State Energy Generation Limited (GSEG) Vehicles are for Sale on as is where is basis:

| Sr. No. | Vehicle Number | Vehicle Type | Year of Purchase | Minimum Base Value |
|---|---|---|---|---|
| 1. | GJ-18-AA-6204 | Maruti Esteem VXi E2 (Petrol) | 2004 | ₹ 75,000/- |
| 2. | GJ-05-CJ-227 | Tata Indica Xeta (Petrol/CNG) | 2007 | ₹ 30,000/- |
| 3. | GJ-05-CJ-206 | Tata Indica Xeta (Petrol/CNG) | 2007 | ₹ 50,000/- |
| 4. | GJ-18-A-7431 | Opel Astra (Petrol) | 2001 | ₹ 25,000/- |

Interested parties may inspect vehicles at the parking space at below address during 11.00 am to 5.00 pm. The offers for purchase of vehicle to be submitted in a sealed cover stating "Offer for Purchase of Vehicle" along with Earnest Money Deposit of Rs. 3000/- (Three Thousand Only) by Demand Draft in favor of Gujarat State Energy Generation Limited payable at Gandhinagar to be submitted latest by 5.00 pm on 24/12/2016. Bids should be higher than the Minimum Base Value. GSEG reserves its right to reject any or all the offers without assigning any reason whatsoever.

Add: **Gujarat State Energy Generation Ltd.**, A/78/3-8, GIDC Electronic Estate, Near Patni Computers (iGATE), Sector-25, Gandhinagar - 382016.


# પોલીસ સ્ટેશન નજીકથી અપહરણ થયુ ને ચિલોડા પોલીસને ખબર પણ ના પડી..!

**કચ્છના યુવાનને જુની નોટો બદલવા ચિલોડા સર્કલ નજીક બોલાવીને ઈકો ગાડીમાં ત્રણ શખ્સો અપહરણ કરી ગયા અને લુંટી લીધો : રિવોલ્વરની અણીએ ૨ લાખની ખંડણી માંગી : સરદારનગર પોલીસે ત્રણેય આરોપીઓને પકડીને ચિલોડા પોલીસને સોંપ્યા ત્યારે ઘટનાની ખબર પડી : એસઆરપી જવાન સહીત ત્રણની ધરપકડ**

ગાંધીનગર, તા. ૧૬

કચ્છના નખત્રાણા તાલુકાના નેત્રા ગામથી એક વેપારી યુવાનને જુની ૫૦૦-૧૦૦૦ની નોટ બદલી આપવા ત્રણ શખ્સોએ ગાંધીનગર ચિલોડા સર્કલ નજીક બોલાવ્યો હતો. ત્યાથી યુવાનનુ અપહરણ કરી રીવોલ્વરની અણીએ તેને લુંટી લેવાયો અને ત્યાંથી છુટવા રૂ. ૨ લાખની ખંડણી માંગવામાં આવી..! આટલી મોટી ઘટના ચિલોડા પોલીસ સ્ટેશનની નજીક બની ગઈ પરંતુ પોલીસને ખબર પણ ના પડી..! સરદારનગર પોલીસે આરોપીઓને પકડીને ચિલોડા પોલીસને આપ્યા ત્યારે પોલીસને ખબર પડી કે તેમની હદમાં મોટી ઘટના બની ગઈ હતી..! એક એસઆરપી જવાન સહીત ત્રણ શખ્સોની ધરપકડ કરી રિવોલ્વર અને ગાડી જપ્ત કરી ચિલોડા પોલીસે હવે તપાસ શરૂ કરી છે.





મળતી માહિતી મુજબ ૧૪ ડિસેમ્બરે સાંજે સાડા છ વાગ્યાના અરસામાં કચ્છના નખત્રાણા તાલુકાના નેત્રા ગામના અબ્દુલ્લા એહમદભાઈ બારાચને ત્રણ શખ્સોએ રૂ. ૫૦૦-૧૦૦૦ની જુની નોટ બદલી આપવા ચિલોડા સર્કલ નજીક હોટલ પુરોહિત પાસે બોલાવ્યો હતો. યુવાન આવ્યો ત્યારે તેનું

● અનુસંધાન પાન-૫ પર

# કેશલેશ વ્યવ્હાર માટે જિલ્લાની ૨૦૦ શાળાના આચાર્યોને તાલીમ અપાઈ

**ડી ઇ ઓ તેમજ બેંકના અધિકારીઓની હાજરીમાં આચાર્યોને માહિતગાર કરાયા : નગરની તમામ સ્વનિર્ભર શાળાઓને કેશલેશ વ્યવ્હાર અપનાવવા સુચના**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર જિલ્લાની શાળોમાં કેશલેશ વ્યવ્હાર સક્રીય થાય તે માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા શાળાના આચાર્યોને તાલીમ આપવા એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બેંકના અધિકારીઓ દ્વારા ૨૦૦ આચાર્યોને તાલીમ આપવામાં આવી હતી. તાલીમબધ્ધ આચાર્યો દ્વારા શાળાના શિક્ષકોને કેશલેશ વ્યવ્હાર માટે સજ્જ કરવામાં આવશે. ત્યારબાદ વિદ્યાર્થીઓને પણ તાલીમબધ્ધ કરાશે.


નોટબંધીના એક મહીના બાદ પણ બેંકોમાં પર્યાપ્ત કેશ ઉપલબ્ધ ન હોવાથી આમ નાગરિકો હાલાકી વેઠી રહયા છે. જયારે નોટબંધી બાદ કેશ લેશ વ્યવ્હાર હજુ ૩૦ ટકાથી પણ ઓછો થતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરના બજારો પણ નોટબંધીથી પ્રભાવિત છે. ત્યારે રોજીંદા કામો માટે આમ નાગરિકોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. શાળા કોલેજોને પણ કેશલેશ વ્યવસ્થા કાયમી કરવા માટે સુચના આપવામાં આવી છે. આવા સંજોગોમાં કેટલીક શાળાઓ ફી ની રકમ ચેક મારફતે સ્વીકારતી ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. શાળાઓમાં કેશલેશ વ્યવ્હાર પ્રબળ બને તે માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ જનજાગૃતિ માટે

● અનુસંધાન પાન-૫ પર


HOTEL maple LEAF

HOSPITALITY UNCOMPROMISED!

UP TO 40 A.C. ROOMS



HOTEL MAPLE LEAF
2ND FLOOR, SUPER MALL 2, BEHIND SAM'S PIZZA,
NEAR GH-0 CIRCLE, INFOCITY, GANDHINAGAR - 382 009
Call: +91 99099 06372, 079 2321 3760 Email: connectmapleleaf@gmail.com

SHEHNAI RESTAURANT & BANQUET

250/-*only Per Person

- A.C. Banquet Hall with 200 Persons Capacity.
- Full day Conference
- Birthday Party, Drs.Meet
- Ring Ceremony & Celebrations.
- Conference with Lunch & Dinner.
- Speciality for Residential Conference also.



SHEHNAI BANQUET
1st FLOOR, SUPER MALL 2, BEHIND SAM'S PIZZA,
NEAR GH-0 CIRCLE, INFOCITY, GANDHINAGAR - 382 009
Call : +91 +91 99099 21022 , 9978721871, 079 2321 3760


# મુખ્યમાર્ગો પર સ્ટ્રીટ લાઈટના પોલ્સને કલર : સેકટરોના થાંભલાઓ કટાયેલા

**વાઈબ્રન્ટ લુક આપવાનુ કામ મુખ્ય માર્ગો સુધી સમિત સેકટરોના આંતરિક વિસ્તાર બિહામણી હાલતમાં**

ગાંધીનગર તા ૧૬

શહેરમાં સ્ટ્રીટ લાઈટોની જેમ થાંભલાઓ પણ કંગાળ ભાસી રહયા છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી મુખ્ય માર્ગોના થાંભલાને રંગરોગાન કરવાનુ કામ હાથ ધરાયુ છે. પરંતુ સેકટરોના આંતરિક માર્ગો પર સ્થિત પોલ્સ હજુ પણ કટાયેલી હાલતમાં છે. વાઈબ્રન્ટની ઉજવણીનો ફિવર શહેરના મુખ્ય માર્ગો સુધી જ સિમિત છે. નગરના મુખ્ય માર્ગોને વાઈબ્રન્ટ લુક આપવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ થઈ રહયો છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં બિહામણી હાલત છે. લાઈટ અને રસ્તાની સુવિધાઓ ખાડે ગઈ છે.

શહેરમાં હાલ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી કરોડો રૂપિયાના ખર્ચે માર્ગ સુધારણા તેમજ બ્યુટીફિકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં જ્યાં રહીશોના વસવાટ છે. તેની આસપાસ દુવિધાઓનુ

● અનુસંધાન પાન-૫ પર

# આજે નબળા પરિણામવાળી શાળાના આચાર્યોની કામગીરીની સમીક્ષા થશે

ગાંધીનગર તા ૧૬

ધોરણ -૧૦ માં નબળુ પરિણામ ધરાવતી ૧૪ ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકો અને આચાર્યોની કામગીરી અંગે આજે સમીક્ષા કરવા બેઠક યોજાશે. નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનુ તેમજ પરિણામનુ સ્તર સુધારવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. નબળી શાળાના વિષય શિક્ષકોની ટેસ્ટ પણ ટુંકમાં જ લેવાશે. શાળાના શિક્ષકો અને આચાર્યોની કામગીરીની સમીક્ષા માટે આજે બેઠક યાજાશે.

ધોરણ -૧૦ માં સરકારી શાળાઓનુ પરિણામ નબળુ આવતુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થતા જિલ્લાની શાળાઓમાં શિક્ષણનુ સ્તર કથળ્યુ હોવાની સાથે પરિણામની નીચી જતી ટકાવારીને નિવારવા માટે નવતર પ્રયોગ હાથ ધરાયો છે. ધોરણ -૧૦માં જિલ્લાની ૨૦ જેટલી શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી પણ ઓછુ આવ્યુ હોવાનુ પ્રકાશમાં આવ્યુ હતુ. ત્યારબાદ શાળાઓના પરિણામમાં સુધાર લાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા શાળાના આચાર્યો સાથે બેઠક યોજીને વધારાના વર્ગો શરૂ કરવા ઉપરાંત વિદ્યાર્થીઓમાં શિક્ષણનુ સ્તર સુધારવા માટે જરૂરી સુચનાઓ આપી પ્રોજકટ તૈયાર કરવામાં આવ્યો હતો. જયારે આ કાર્યયોજનાની યોગ્ય અમલવારી થાય છે કે કેમ તે અંગે ડી ઈ ઓ દ્વારા શાળાઓની આકસ્મિક તપાસ પણ કરવામાં આવી રહી હોવાનુ પણ

● અનુસંધાન પાન-૫ પર


॥ જય હાટકેશ ॥

આપના બાળકના સર્વાંગી વિકાસ માટે એક માત્ર વિકલ્પ

Learn with Fun... Vasavada Juniors — Admission Open

Play Group · Jr. KG · Nursery · Sr. KG · Day Care

Transport Facility Available

- CCTV Camera
- Activity Based Learning
- Hygienic, Childern's Friendly Atmosphere
- Picnic, Stage Show, Outdoor Activities
- Competitions & Many More.

Plot No. 1320/2, Nr. CH-3 Cicle,
Sec. 7/D, Gandhinagar. Mo. 94284 73081, 91736 01151
www.vasavadapreschool.com
info@vasavadapreschool.com
For Franchise : Contact : 9998727508



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN — Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com